# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-08-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

- ‘એક પેડ મા કે નામ’ અભિયાન અંતર્ગત 7 કરોડ 15 લાખથી વધુ છોડના વાવેતર સાથે ગુજરાત દેશભરમાં બીજા ક્રમે
- દેશમાં સૌપ્રથમ વાર લાઈટ ગેજ સ્ટીલ ફ્રેમ ટેકનોલોજીથી સજ્જ નંદ ઘરનું નિર્માણ ગાંધીનગરમાં કરાયું
- સેન્ટ્રલ સિલ્ક બોર્ડ આ શનિવારે બનાસકાંઠામાં રેશમ ઉત્પાદન પ્રોજેક્ટનો પ્રારંભ કરશે
- રાજ્યમાં આવતીકાલથી હર ઘર તિરંગા અભિયાનની ઉજવણીનો પ્રારંભ – અમદાવાદ, સુરત સહિત ચાર મહાનગરમાં તિરંગાયાત્રા યોજાશે.
- દક્ષિણ ગુજરાતના કેટલાક સ્થળોએ આવતીકાલે ભારે વરસાદની આગાહી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GUJARAT TREE PLANTATION RECORD

દેશવ્યાપી 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત રાજ્યમાં અત્યાર સુધી 7 કરોડ 15 લાખથી વધુ છોડનું વાવેતર થતાં ગુજરાત દેશભરમાં બીજા ક્રમે રહ્યું છે. જ્યારે 37 રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં અત્યાર સુધીમાં 29 કરોડ 37 લાખથી વધુ છોડના વાવેતરનો નવો વિક્રમ સ્થાપિત થયો છે.

રાજ્યના વન મંત્રી મુળૂભાઈ બેરાએ કહ્યું, 8 કરોડ 88 લાખ છોડના વાવેતર સાથે ઉત્તરપ્રદેશ સમગ્ર દેશમાં પહેલા નંબર પર રહ્યું છે. આ સાથે જ ભારતે અત્યાર સુધીમાં દેશભરમાં 29 કરોડ 37 લાખથી વધુ છોડનું વાવેતર કરીને પણ નવો વિક્રમ સ્થાપિત કર્યો છે.

વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશ પટેલે કહ્યું, ગ્રામ્ય વિસ્તારમાં 57 લાખ 26 હજાર અને શહેરી વિસ્તારમાં એક લાખ એમ કુલ 58 લાખ 29 હજાર છોડના વાવેતર સાથે સુરત જિલ્લા સમગ્ર રાજ્યમં પહેલા નંબરે છે. ગ્રામ પંચાયતો, શૈક્ષણિક-સ્વૈચ્છિક સંસ્થાઓ તેમ જ વૃક્ષપ્રેમી નાગરિકો પણ આ અભિયાનમાં પ્રદાન આપી રહ્યા છે.

----------------

**NAND GHAR – B.BABRIYA**

ગાંધીનગરના જાખોરા ગામ ખાતે દેશમાં સૌપ્રથમ વાર લાઈટ ગેજ સ્ટીલ ફ્રેમ ટેકનોલોજીથી સજ્જ નંદ ઘરનું નિર્માણ કરવામાં આવ્યું છે. મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાના હસ્તે આજે આ નંદ ઘરનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

તેમણે લાભાર્થીઓ માટે સમાન વ્યવસ્થાપન પ્રણાલી અને આંગણવાડીઓની ફરિયાદ નિવારણ વ્યવસ્થા માટેની મોબાઇલ એપ પણ લોન્ચ કરી હતી. આ ઉપરાંત તેમણે  જુનાગઢ તથા ભાવનગર ખાતે નવનિર્માણ પામેલા સખી વન સ્ટોપ સેન્ટરનું પણ લોકાર્પણ કર્યું હતું.

આ પ્રસંગે ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, આગામી સમયમાં રાજ્ય સરકાર દ્વારા લાઈટ ગેજ સ્ટીલ ફ્રેમ ટેકનોલોજી દ્વારા એક હજાર જેટલી આંગણવાડીઓનું નિર્માણ કરવામાં આવશે.

--------

## National Handloom Day - DISTRICT

રાજ્યમાં આજે "રાષ્ટ્રીય હાથસાળ દિવસ" નિમિત્તે ઠેર-ઠેર ઉજવણી થઈ રહી છે. જે અંતર્ગત કેન્દ્ર શાસિત પ્રદેશ દમણમાં નિફ્ટ કૉલેજ ખાતે શિક્ષણ વિભાગના સંયુક્ત સચિવ જતીન ગોયલની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય હાથસાળ દિવસની ઉજવણી માટેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કેન્દ્ર શાસિત પ્રદેશ દમણના અમારા પ્રતિનિધિ પ્રદીપ ભાવસાર જણાવે છે કે, આ કાર્યક્રમમાં વાઇબ્રન્ટ ફેશન શો અને હાથસાળ વણાટ કાર્યશાળાનું પણ

આયોજન કરવામાં આવ્યું હતું. કારીગરો અને વણકરોને વધુ માન્યતા અને નાણાકીય સ્થિરતા પ્રદાન કરવાના ઉદ્દેશ્યથી આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

કચ્છના ભુજોડી ગામના રહેવાસી અને ધાબળા વણાટ માટે રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા શામજી વણકરે આકાશવાણી સાથે વાત કરતાં હાથસાળ ઉદ્યોગ વિષે આ મુજબ જણાવ્યું.

(બાઇટ- શામજી વણકર)

-------------

# GUJARAT SILK PROJECT

બેંગલુરુ સ્થિત સેન્ટ્રલ સિલ્ક બોર્ડ, સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી અને કલ્યાણ ફાઉન્ડેશનના સહયોગથી 10 ઓગસ્ટે બનાસકાંઠાના પાલનપુર ખાતે કૃષિ સંવર્ધન પ્રોજેક્ટનો પ્રારંભ કરશે.

આ કાર્યક્રમમાં સેન્ટ્રલ સિલ્ક બોર્ડ, કાપડ મંત્રાલય, ખાનગી ભાગીદારો, કલ્યાણ ફાઉન્ડેશન અને દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના અધિકારીઓ ઉપરાંત એરંડાનું ઉત્પાદન કરતા ખેડૂતો અને લાભાર્થીઓ ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમનો હેતુ જ્ઞાનની વહેંચણી, ઉપલબ્ધ સંશાધનોના ઉપયોગ અંગે જાગૃતિ લાવવાનો ખેડૂતોને રેશમનાં ઉત્પાદન માટે પ્રોત્સાહિત કરવાનો તથા રેશમ ઉદ્યોગના વિકાસ પ્રોત્સાહન આપવાનો છે.

-----------------

# STATE HAR GHAR TIRANGA

કેન્દ્ર સરકારના આવતીકાલથી શરૂ થનારા “હર ઘર તિરંગા” અભિયાનની ઉજવણી માટે રાજ્યભરમાં ભવ્ય આયોજન કરાશે. રાજ્યમાં આવતીકાલથી 15 ઑગસ્ટ દરમિયાન 78મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરાશે એમ રમતગમત અને યુવક સેવા મંત્રી હર્ષ સંઘવીએ ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.

શ્રી સંઘવીએ કહ્યું, આ અભિયાન અંતર્ગત રાજકોટ, સુરત, વડોદરા અને અમદાવાદ એમ મુખ્ય ચાર શહેરમાં 2થી 3 કિલોમીટર લાંબી તિરંગા યાત્રા યોજાશે, જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહેશે. આ સાથે રાજ્યની કુલ 14 હજાર 292 ગ્રામ પંચાયતમાં તિરંગા યાત્રાની ઉજવણી કરાશે. આ યાત્રામાં રાજ્યભરની અંદાજે 2 હજાર 200થી વધુ સંસ્થા સહભાગી થશે.

રમતગમત મંત્રીએ કહ્યું, રાજ્યના તમામ જિલ્લામાં 50 લાખથી વધુ તિરંગાનું વિતરણ કરાશે. સરકારના વિવિધ વિભાગ દ્વારા યાત્રા દરમિયાન અંદાજે નવ ટેબલો પ્રદર્શિત કરાશે.

-----------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.................................

## SURAT TIRANGA YATRA

સુરતમાં આગામી 11 ઓગસ્ટે બે કિલોમીટરની તિરંગા યાત્રા યોજાશે. આ યાત્રા અંગે જિલ્લા કલેક્ટર ડૉ. સૌરભ પારધીએ ઉચ્ચ અધિકારીઓ, શાળા-મહાવિદ્યાલયોના સંચાલક, ઉદ્યોગકારો સાથે બેઠક યોજી હતી.

જિલ્લા કલેક્ટરે જણાવ્યું કે, રાજ્યભરમાં 10થી 13 ઓગસ્ટ દરમિયાન હરઘર તિરંગા અભિયાન અંતર્ગત તિરંગા યાત્રા યોજાશે. ત્યારે સુરતમાં વાય જંક્શનથી લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ સુધી યોજાનારી આ યાત્રામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વિશેષ ઉપસ્થિત રહેશે. આ યાત્રામાં સુરતમાં વસતા 15 રાજ્યના નાગરિકો પોતપોતાની પરંપરાગત વેશભૂષામાં સજ્જ થઈ ભાગ લેશે.

. . . . . . . . . . . . . . . . .

## STATE RAIN

રાજ્યના હવામાન વિભાગે આવતીકાલે સુરત, નવસારી, વલસાડ, કેન્દ્રશાસિત પ્રદેશ દમણ, દાદરા અને નગરહવેલીમાં કેટલાક સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે.

(બાઇટ- રામાશ્રય યાદવ)

રાજ્યમાં ફરી એક વાર વરસાદનું જોર ઘટ્યું છે. ગાંધીનગર સ્ટેટ ઈમરજન્સી ઑપરેશન સેન્ટરના જણાવ્યા પ્રમાણે, આજે સવારે 6 થી બપોરે 4 વાગ્યા દરમિયાન માત્ર 33 તાલુકામાં સામાન્ય વરસાદ થયો છે. સત્તાવાર યાદી પ્રમાણે, રાજ્યમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ 68 ટકા વરસાદ નોંધાયો છે.

પોરબંદરના અમારા પ્રતિનિધિ મહેશ લુક્કા જણાવે છે કે, રાણાવાવ તાલુકાના રાણાબોરડી ગામ ખાતે ભારે વરસાદના કારણે પાક અને જમીનને નુકસાન પહોંચ્યું છે. આ નુકસાનના સમીક્ષાની કામગીરી ખેતીવાડી વિભાગે હાથ ધરી છે.

-----

## GODHARI – BAL DARDI MA VADHARO

પંચમહાલ જિલ્લામાં ચોમાસામાં વાયરલ ફીવર, ઝાડા ઉલટી, મચ્છર જન્ય રોગનો બાળ દર્દીઓમાં વધારો નોંધાયો છે. છેલ્લા એક માસમાં જિલ્લાના ગોધરા સિવિલ હોસ્પિટલમાં  વાયરલ ફીવર સહિતના અલગ અલગ રોગોના બાળકોના 2 હજાર 665 જેટલા કેસો નોંધાયા છે.

આ અંગે ગોધરા સિવિલના પીડીયાટ્રીક, ડોક્ટર પ્રાચી શાહે જણાવ્યું કે, સિવિલ ખાતે જુલાઈ માસમાં ટાઇફોઈડ,  ઝાડા ઉલટી, શરદી ખાંસી સાથે હવે ઓગસ્ટના પહેલા સપ્તાહમાં ડેન્ગ્યુ ના લક્ષણો દેખાતા બાળકોના કેસ આવી રહ્યા છે. તેમાં  હજુ વધારો થવાની શક્યતા છે. આ અંગે ગોધરા સરકારી સિવિલ હોસ્પિટલ દ્વારા દર્દીઓને યોગ્ય સારવાર આપીને માર્ગદર્શન આપવામાં આવી રહ્યુ છે.

--------

## SURAT AFIN

સુરત પોલીસે કડોદરા વિસ્તારમાં આવેલા કરિયાણાની દુકાનમાંથી માદક પદાર્થના 25 લાખ રૂપિયાનો જથ્થાના સાથે એક આરોપીની ધરપકડ કરી છે.

------------------

## INSULIN PEN DISTRIBUTION

મહેસાણા જીલ્લામાં જિલ્લા કલેકટર દ્વારા એક નવતર પહેલના ભાગરૂપે ડાયાબિટીસના બાળ દર્દીઓને 30 લાખના ખર્ચે કાર્ટરેજ સહિત ઈન્સ્યુલીન પેન આપવામાં આવશે. ગત વર્ષે 146 બાળકોને 11 લાખ રૂપિયાના ખર્ચે જિલ્લા પંચાયત દ્વારા પેન અપવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, જિલ્લા પંચાયતના રાષ્ટ્રીય બાલ આરોગ્ય કાર્યક્રમ અને આંગણવાડીમાં આરોગ્ય તપાસ દરમિયાન 186 બાળકોને ડાયાબિટીસ હોવાનું નોંધાયું હતું. આ બાળકોને ઇન્સ્યુલિન લેવાના સમયે પીડા ન થાય તે માટે રાજ્ય માં સર્વપ્રથમ મહેસાણા જિલ્લા કલેકટર દ્વારા આ પહેલ શરૂ કરવામાં આવી છે.

-----------------------

## DUDH SANJIVNI YOJNA

રાજ્યમાં દૂધ સંજીવની યોજના અંતર્ગત છેલ્લા 10 વર્ષમાં 87 લાખ 89 હજાર 105 જેટલા લાભાર્થીને પોષણયુક્ત દૂધનો લાભ અપાયો છે. જ્યારે હાલમાં 10 લાખથી વધુ લાભાર્થી આ યોજનાનો લાભ મેળવી રહ્યા છે.

. . . . . . . . . . . . . . . . .

## NEWS IN BRIEF

**હવે રાજ્યના કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....**

- શિક્ષણ વિભાગ - દીવ દ્વારા ધોરણ - 3 થી 5ના કુલ 39 શિક્ષકો માટે આજથી ત્રણ દિવસ માટે "beyond basic" તાલીમ કાર્યક્રમનું આયોજન કરાયું. વિદ્યાર્થીઓને સારી રીતે વાંચવા લખવાની તાલીમ અપાઇ.
- ભાવનગરના પાનવાડી ખાતે આવતીકાલે ભરતી મેળા યોજાશે. લયકાત ધરાવતા ઉમેદવારોએ રૂબરૂ મુલાકાત માટે રિઝ્યુમની 4 નકલ સાથે ઉપસ્થિત રહેવું પડશે.
- દીવની એક સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં "જલ શકિત અભિયાન " અંતર્ગત " જલ સંચય" જાગૃતિ કાર્યક્રમ યોજાયો.

-------------